વિદ્યાર્થીઓ માટે ફૂલ-ટાઈમ પ્લેસમેન્ટની તકો વધારવા માટે ઈન્ટર્નશિપ જરૂરી બની

MSUમાં ક્લાસરૂમ શિક્ષણ અને વાસ્તવિક વ્યાપારિક જરૂરિયાતો વચ્ચેનું અંતર દૂર કરાયું

| વડોદરા |

એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ કોમર્સની ઈન્ટર્નશિપ કમિટી દ્વારા દીપ ઓડિટોરિયમ ખાતે કોમર્સ ઈન્ટર્નશિપ મીટ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ ના આદેશોને અનુરૂપ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સંસ્થાકીય સંબંધોને મજબૂત કરવાનો અને અંતિમ વર્ષના બી.કોમ (B.Com) અને બીબીએ (BBA) ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપની તકો ઉભી કરવાનો હતો. ફેકલ્ટીની ઈન્ટર્નશિપ ટીમ સાથે સંવાદ કરવા માટે ઉદ્યોગ જગતના ૪૦ અગ્રણી પ્રતિનિધિઓ એકત્રિત થયા હતા. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યાવસાયિક શિક્ષણના અનુભવો પૂરા પાડીને ક્લાસરૂમ શિક્ષણ અને વાસ્તવિક વ્યાપારિક જરૂરિયાતો વચ્ચેના અંતરને દૂર કરવાનો હતો.

જે વિશે માહિતી આપતા ફેકલ્ટીના ડીન પ્રો.પ્રજ્ઞેશ શાહ અને ઈન્ટર્નશિપ કન્વીનર પ્રો.મૃદુલા ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વક્તાઓએ ઉદ્યોગ-પ્રેરિત તાલીમ પ્રયાસો અને કાર્યસ્થળ પર વ્યાવસાયિકતાના મહત્વ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેઓએ ફેકલ્ટીને ઈન્ટર્નશિપનો સમયગાળો લાંબો રાખવા માટે સલાહ આપી હતી. જેથી વિદ્યાર્થીઓને વાસ્તવિક કામકાજના વાતાવરણમાં અનુકૂલન સાધવા અને એડજસ્ટ થવા માટે પૂરતો સમય મળી રહે, જે તેમની ફૂલ-ટાઈમ પ્લેસમેન્ટની તકોમાં નોંધપાત્ર વધારો કરી શકાય. આ ચર્ચા ભવિષ્યના પ્લેસમેન્ટ્સ, વ્યૂહાત્મક એમઓયુ (MoUs), કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમો, સીએસઆર (CSR) પહેલ, ઈનોવેશન્સ તેમજ સ્ટાર્ટ-અપ પહેલો ક્ષેત્રે એક મજબૂત શૈક્ષણિક-ઉદ્યોગ સમન્વય સાધવા પર કેન્દ્રિત હતી. નોંધનીય છે કે, વીસીસીઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલ, વીસીસીઆઈના ટ્રેઝરર સીએ આલોક શાહ, અને સીઆઈઆઈના નિમેષ રાઠોડ સહિત અન્ય ઉદ્યોગ પ્રતિનિધિઓએ તેમના વિચારો શેર કર્યા હતા.